સંકલિત ડેરી વિકાસ / વાડી વિકાસ પ્રોજેકટ અને
કૌશલ્ય તાલીમ કાર્યક્રમ બાબત....

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : ટીએપી/૨૦૧૦/ન.બા-૧૧/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨ /૦૮/૨૦૧૦

વંચાણે લીધા :-

૧. કમિશનરશ્રી, આ.વિ ની તા:૪/૧/૨૦૧૦ દરખાસ્ત
૨. વકય/૨૦૦૯/૭૩/ડી.સેગ, તા.નીલની દરખાસ્ત

ઠરાવ :-

આમુખ (૧) અને (૨) માં જણાવેલ દરખાસ્તો અન્વયે વનબંધુ કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત વિભાગ દ્વારા સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ સંકલિત કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેકટ અને કૌશલ્ય તાલીમ કાર્યક્રમના જુદા જુદા પ્રોજેકટ જુદા જુદા નામોથી ચલાવવામાં આવી રહેલ છે આયોજનાઓ વિભાગના ઠરાવથી ભારત સરકારના ખાસ કેન્દ્રીય સહાય યોજના હેઠળ ગુજરાત પેટર્ન કે રાષ્ટ્રિય કૃષિ વિકાસ યોજના હેઠળ જે તે સમયે મંજુર કરવામાં આવેલ છે. જેનો અમલ કરવા માટે ડી.સેગ તરફથી જુદા જુદા સોર્સથી ભંડોળની વ્યવસ્થા કરી મોનીટરીંગની કામગીરી કરે છે અમલ પ્રાયોજના વહીવટદારશ્રીઓ દ્વારા થાય છે અત્યારસુધી આ યોજનાઓ બીસીકે બજેટ સિવાયના સ્ત્રોતોમાંથી હાથ ધરવામાં આવતી હતી. પરંતુ યોજનાનું કદ વધતું જતું હોઇ હાલની જરૂરીયાત ગુજરાત પેટર્ન કે ખાસ કેન્દ્રિય સહાયમાં સરભર ન થઇ શકતી હોઇ સને ૨૦૧૦-૧૧ની વિભાગ-૧ની ટીએએસપી નવી બાબતની રૂા.૭.૧૭ કરોડ (રૂપિયા સાત કરોડ સત્તર લાખ)ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. સને ૨૦૧૦-૧૧ની જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૨. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
૩. સૂચિત યોજના માટે ભારત સરકાર તરફથી મળનાર સહાય સત્વરે મેળવી લેવાની રહેશે.
૪. સૂચિત યોજના માટે ભારત સરકાર તરફથી મળનાર ગ્રાન્ટ અને ત્યારબાદ ગુજરાત પેટર્નની ગ્રાન્ટ મેળવવા સઘન પ્રયત્ન કર્યા બાદ જ આ નવી બાબતના ભંડોળનો ઉપયોગ કરવાનો રહેશે.
૫. ડી.સેગ દ્વારા સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે. અને યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.
૬. સૂચિત યોજના અંતર્ગત આપવાની થતી તાલીમ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર નિયત પધ્ધતિથી આપવાની રહેશે.
૭. સૂચિત યોજના માટે જો કોઇ ચીજ વસ્તુ ખરીદવાની રહેતી હોય તો સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદ પધ્ધતથી જરૂરિયાત પૂરતી કરકસર યુકત કરવાની રહેશે.
૮. ઉપર્યુકત મુદ્દા નંબર-૪ મુજબ બચત રહેતી રકમ સત્વરે સરન્ડર કરવાની રહેશે.

૯. આ યોજના અંગેનું ખર્ચ તા:૧/૪/૨૦૧૦ પછી જ કરવાનું રહેશે

૧૦ આ યોજનાનું અમલીકરણ ડી.સેગ મારફતે થનાર હોઇ વર્ષ આખરે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા આદિવાસી કુટુંબોની આવક બમણી તેમજ પૂર્ણકાલીન રોજગારી આપવા માટે ચાલતા વિવિધ કાર્યક્રમ પૈકી સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમના તમામ પ્રોજેકટની કુલ કિંમત રૂ.૩૪૬.૧૯ કરોડ છે સને ૨૦૧૦-૧૧માં મંજુર થયેલ પ્રોજેકટની મર્યાદામાં પશુખરીદી અને સાધનસહાય માટે કુલ રૂ.૧૪.૩૪ કરોડની જરૂરિયાત રહે છે જેમાં ૫૦ ટકા રકમ રૂ.૭.૧૭ કરોડ (અંકે રૂપિયા સાત કરોડ સત્તર લાખ)ની ગ્રાન્ટ ભારત સરકાર તરફથી મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્ર: ૯૬, મુખ્ય સદર-૭૯૬, આ.વિ.વિ.પે.યોજના, મુખ્યસદર-૨૨૨૫ અનુજાતિઓ અનુ.આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા સદર -૬૨-સંકલિત ડેરી/ વાડી વિકાસ પ્રોજેકટ કૌશલ્ય તાલીમ કાર્યક્રમ પેટા મુખ્ય સદર -૦૨-અનુ.જાતિ માટેનું કલ્યાણ બાબત (૩૯) સંકલિત ડેરી વિકાસ પ્રોજેકટ સંકલિત વાડી વિકાસ કાર્યક્રમ અને કૌશલ્ય તાલીમ કાર્યક્રમનો અમલ હેઠળ થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા:૬/૭/૨૦૧૦ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

* મહામહિમ રાજયપાલશ્રી, રાજ ભવન ,ગાંધીનગર (પત્રથી)

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સંસદીય સચિવશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
- નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી.સેગ, બ્લોક નં-૮/૨ માળે, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- નાણાસલાહકારશ્રી, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર./ અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ,ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ,આ.વિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
- જુનીયર સીસ્ટમ મેનેજરશ્રી, આદિજતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇડ ઉપર પ્રસિધ્ધિ અર્થે.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,૨૦૧૦